અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૯/૧૨૩-૧૫૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૯/૦૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:-'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટનું BISAG પ્રસારણ અંગેનું સમય પત્રક તથા શિક્ષક માર્ગદર્શિકા મોકલવા બાબત.

સંદર્ભ:-અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૩૬૨-૯૭ તા.૦૪/૧૨/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંદર્ભ દર્શિત પત્રથી ધોરણ-૯ થી ૧૨માં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થાય તેવો જીવન કૌશલ્યો અંગેનો 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટ અપરાજિથા ફાઉન્ડેશનના સહયોગથી અમલમાં મૂકવા અંગેની જાણ કરવામાં આવેલ હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ નં.-૯ અને ૧૧ પરથી "જીવન કૌશલ્યો" અંગેના કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ સાચા જીવન કૌશલ્યોથી પરિચિત થાય અને તેઓના જીવનમાં તેનું અનુકરણ કરી તેઓ સાચી દિશામાં આગળ વધી શકે તે માટેનો છે.

આ પ્રોજેક્ટ અંગે શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટના કાર્યક્રમનું BISAGના માધ્યમથી કરવામાં આવનાર પ્રસારણનું સમય પત્રક તેમજ આ કાર્યક્રમના અમલીકરણ અંગેની શિક્ષક માર્ગદર્શિકા આ સાથે મોકલી આપવામાં આવે છે. જે આપના તાબાની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

જિ.શિ.ની કચેરી, વલસાડ. ઈનવર્ડ નં. તારીખ 9 JAN 2019 સહી :-

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તમામ શાળાઓને ... અને માર્ગદર્શિકા ... ઈ-મેઈલથી મોકલવી

જા.ક્ર./પરિપત્ર/૨૦૧૮-૧૯/૬૭૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
પાંચમો માળ, સેવાસદન-૧,
જિ.વલસાડ.
તા.૧૧/૦૧/૨૦૧૯.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
જી:- વલસાડ.

૨) ઉપરોક્ત પરિપત્રમાં જણાવેલ બાબતોને ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી અને અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
વલસાડ